<u>**ના.શ્રી અધિક જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં,મુ.ભુજ**</u>

**ફો.કા.નં.૧૪૦૦/૨૦૨૬**

**શ્રી સરકાર** ........... **ફરિયાદી**

**વિરુધ્ધ**

**શામજી ભીખાભાઈ કોલી** .......... **આરોપી**

**ગુન્હો :–** <u>**પ્રોહી એકટ કલમ ૬૫(એ)(એ) મુજબ**</u>

**– : આંક–૧ લગત હુકમ :–**

આ કામના આરોપી આજરોજ <u>**રાષ્ટ્રીય લોક અદાલત**</u> ના ઉપક્રમે રાખવામાં આવેલ સ્પેશીયલ સીટીંગમાં આ ગુન્હાની કબુલાત કરવા તૈયારી દર્શાવેલ છે. જેથી આ પ્રકારના ગુન્હો જો કબુલ કરશે તેમાં કાયદામાં જે સજા દર્શાવેલ છે તે પ્રકારની સજા થઈ શકે છે તેવી સ્પષ્ટ સમજ કરવામાં આવેલ છે.આરોપીની પ્લી રેકર્ડ કરતાં આરોપીએ તેમની સામેનો ગુનો સ્વાચ્છાએ કબુલ કરેલ છે. આરોપીની રજુઆત મુજબ તેમનો આ પ્રથમ ગુન્હો છે તેઓ કોઈ ગુનાહિત ઈતીહાસ ધરાવતા નથી, જેથી આરોપી પોતાને સજા કરતી વખતે રહેમ દ્રષ્ટી રાખવા અરજ ગુજારેલ છે.નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫ ૮૧૯ જી.એલ.આર. પેજ ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવરભાઈ હરીશચંદ્રજી ઠાકોરના રીપોર્ટેડ રૂલીંગમાં પેટી ઓફેન્સીસ સ્વરૂપના આરોપીના પ્રથમ ગુનાના કામે કોર્ટ આરોપીને કાયદાથી નક્કી થયેલ ઓછામાં ઓછી સજા કરતાં પણ ઓછી ભોગવવાનો હુકમ કરી શકે એવુ જે ઠરાવ્યુ છે તેવી હકીકત લક્ષમાં લેતાં આરોપીની રજુઆત માન્ય રાખીને નીચે મુજબનો આખરી અંતિમ હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

૧. આરોપીને પ્રોહી.એકટ ૬૫(એ)(એ) ના ગુન્હામાં તકસીરવાન ઠરાવી **રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા)**નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૦૨ ની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. આ કામે કબજે લીધેલ પ્રોહી મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમ અનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ તા.૧૪ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં જાહેર કર્યો.

તા: ૧૪/૦૩/૨૦૨૬
ભુજ–કચ્છ.

(બી.એન.ત્રિવેદી)
અધિક જયુડીશીયલ મેજીસ્ટ્રેટ(ફ.ક)
ભુજ–કચ્છ.
જી.જે.૦૧૭૬૩